# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **4 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશની સામાન્ય ચૂંટણી સહિત આણંદની ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી યોજવા કેન્દ્રીય ચૂંટણી પંચની જાહેરાત**

2) **પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં LPG વિતરકો પાસે ગેસ પુરવઠાની કોઈ અછત નથી.**

3) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પંચમહાલ અને દાહોદમાં એક હજાર 100 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.**

4) **રાજ્યમાં વધતી ગરમી વચ્ચે આગામી 18થી 20 તારીખ સુધી કમોસમી વરસાદની આગાહી.**

5) **રાજ્યનાં દિવ્યાંગ ખેલાડી બીના મોરડિયાએ વૈશ્વિક દોડ સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યાં.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# ELECTION - ASSEMBLY ELECTIONS

કેન્દ્રીય ચૂંટણી પંચે આજે જાહેરાત કરી કે આસામ, કેરળ, પુડુચેરી અને તમિળનાડુમાં એક અને પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે. ચાર રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશ માટે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે આજે દિલ્હીમાં જણાવ્યું હતું કે આસામ, કેરળ અને પુડુચેરીમાં 9 એપ્રિલે અને તમિલનાડુમાં 23 એપ્રિલે મતદાન થશે. જયારે પશ્ચિમ બંગાળમાં મતદાન 23 અને 29 એપ્રિલે મતદાન થશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત સાથે, આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં આદર્શ આચારસંહિતા તાત્કાલિક અમલમાં આવી ગઈ છે.

# UMRETH BYE ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠક માટે આગામી 23 એપ્રિલે ગુરુવારે પેટા-ચૂંટણી યોજાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આગામી 30 માર્ચે પેટા-ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જ્યારે છ એપ્રિલ સુધી ઉમેદવારી નોંધાવી શકાશે અને સાત એપ્રિલે ઉમેદવારીપત્રની ચકાસણી થશે. જ્યારે આગામી ચાર મે-ના રોજ મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું તાજેતરમાં અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે.

# MINISTRY OF PETROLEUM - STATEMENT

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં LPG વિતરકો પાસે ગેસ પુરવઠાની કોઈ અછત નથી. એક નિવેદનમાં, મંત્રાલયે નોંધ્યું છે કે LPG બુકિંગમાં ઘટાડો થયો છે. ગઈકાલે આશરે 77 લાખ બુકિંગ નોંધાયા હતા,

મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે વાણિજ્યિક LPG સિલિન્ડર રાજ્ય સરકારોને પ્રાથમિકતા વિતરણ માટે સોંપવામાં આવ્યા છે અને હવે તે ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પાઇપ્ડ નેચરલ ગેસ (PNG) અને લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (LPG) બંને કનેક્શન ધરાવતા ઘરોને તાત્કાલિક અસરથી તેમના LPG કનેક્શન પરત કરવાનો નિર્દેશ આપ્યો છે.

# CM PANCHMAHAL DAHOD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ અને દાહોદમાં આરોગ્ય, શિક્ષણ, માર્ગ જોડાણ અને પાણીની સુવિધાના એક હજાર 100 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

દરમિયાન દાહોદમાં જાહેરસભાને સંબોધતા શ્રી પટેલે કહ્યું, વિવિધ યોજનાઓ થકી સરકારે આદિવાસી સમુદાય માટે સમૃદ્ધિના દ્વાર ખોલ્યા છે. તેમણે દાહોદના બહુમુખી વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

શ્રી પટેલે દાહોદમાં સિંગવડ મામલતદાર કચેરી, ગરબાડા એકલવ્ય મૉડલ રેસિડેન્શિઅલ શાળા, રતનમહાલ રીંછ અભયારણ્યના વિકાસકામ, નવી GIDC સહિત 367 કરોડ રૂપિયાના 55 જેટલા વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

# MANDAVIYA JUNAGADH VISIT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જુનાગઢના  પ્રવાસ દરમિયાન ઘેડ વિસ્તાર માટે રકમ મંજૂર કરવા બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો છે. તેમણે ઘેડ પંથકની કાયમી સમસ્યાનો ઉકેલ લાવવાના કામની પણ સમીક્ષા કરી.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

શ્રી માંડવિયાએ જુનાગઢના બાંટવામાં નવનિર્મિત નગરપાલિકા ભવન, બગીચા અને ઍમ્બ્યુલૅન્સ સેવાનું લોકાર્પણ તેમજ માણાવદર અને કેશોદ વિધાનસભાના આઠ કરોડ 43 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કર્યું. સાથે જ તેમણે માંગરોળ તાલુકાના ફૂલરામા-ઘેડ અને મેખડી ગામમાં નદી ઉંડી કરવા ચાલી રહેલા કામનું નિરીક્ષણ કર્યું

# RAMNATH KOVIND DANG

પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ડાંગના પ્રવાસના બીજા દિવસે આહવા તાલુકાના ઈંદસર ગામની મુલાકાત લીધી. તેઓ બે હનુમાન મંદિર સહિત કુલ આઠ મંદિરના 25-મા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પત્રકારો સાથેની વાતચીત દરમિયાન શ્રી કોવિંદે લોકોને ડાંગ જિલ્લામાં આવવા આહ્વાન કર્યું.

(BYTE: RAMNATH KOVIND, FORMER PRESIDENT OF INDIA)

# WEATHER FORECAST

રાજ્યમાં અનેક જિલ્લામાં મહત્તમ તાપમાન 40થી 42 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. તેવામાં હવામાન ખાતાએ આગામી 18થી 20 તારીખ સુધી કમોસમી વરસાદની આગાહી કરી છે. આ સાથે જ આગામી પાંચ દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઈ શકે છે, તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AMDAVAD)

# GUJARAT PLAYER GOLD MEDAL

રાજ્યનાં દિવ્યાંગ ખેલાડી બીના મોરડિયાએ વૈશ્વિક સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યાં છે. ગુજરાત રમતગમત સત્તામંડળની યાદી મુજબ, દિલ્હીમાં ચાલી રહેલી ન્યૂ દિલ્હી 2025 વર્લ્ડ પેરા-એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્ષની ટી-37 શ્રેણીમાં તેમણે આ સિદ્ધિ મેળવી છે.

બીના મોરડિયાએ 400 મીટર દોડમાં સુવર્ણ અને 200 મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક જીત્યા છે. નડિયાદના હાઈ પરફોર્મન્સ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલા આ ખેલાડીને ચંદ્રક જીતવા બદલ ગુજરાત રમતગમત સત્તામંડળે શુભેચ્છાઓ પાઠવી છે.

# BAR COUNCIL RESULT

ગુજરાત વકીલ પરિષદ – BCGની ચૂંટણીમાં પ્રથમ પ્રેફરન્સના મતનું પરિણામ જાહેર કરાતા 42 હજાર 286 મત માન્ય  ઠર્યા છે. વૉટ શૅરના આધારે પ્રથમ પ્રેફરન્સમાં માન્ય થયેલા બે ઉમેદવાર જે. જે. પટેલ અને આફતાબ હુસૈન અન્સારીનું સભ્યપદ નક્કી થયું છે. આ બંનેએ ક્વોટા પાર કરીને વિજય મેળવ્યો છે. વધુ સભ્યોના પરિણામ આગામી સમયમાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીમાં 99 ઉમેદવાર મેદાનમાં હતા.

# LOK ADALAT OVERALL

રાજ્યભરમાં આ વર્ષની પહેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાન માટે મૂકાયેલા છ લાખ 67 હજાર જેટલા કેસ પૈકી પાંચ લાખ 77 હજાર જેટલા કેસનો નિવેડો આવ્યો. તેમજ અંદાજે ત્રણ હજાર 63 કોરડ રૂપિયાના એવોર્ડ દોરવામાં આવ્યા. લોક અદાલતમાં 13 લાખ 98 હજાર પૂર્વ અને પૉસ્ટ-લિટિગૅશન કેસનો પણ નિકાલ કરાયો અને ત્રણ હજાર 209 કરોડ રૂપિયાના એવોર્ડ પસાર કરાયા.

ઉપરાંત ભરૂચમાં યોજાયેલી લોક અદાલતમાં કુલ 16 હજાર 463 કેસનો નિકાલ કરાયો. તેમજ 22 કરોડ 31 લાખ એક હજાર 632 રૂપિયાનું સમાધાન કરાયું.

# BHAVNAGAR SYRUP

ભાવનગર SOG પોલીસે ત્રણ લાખથી વધુના પ્રતિબંધિત કેફી દવાના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. નો ડ્રગ્સ ઇન ભાવનગર અભિયાન અંતર્ગત પોલીસે ચિત્રા GIDC વિસ્તારમાં દરોડા પાડી એક હજાર 920 જેટલી શીશી કબજે કરી. પકડાયેલા વ્યક્તિ સામે NDPS કાયદા હેઠળની કાર્યવાહી હાથ ધરી છે.

# CHHOTA UDEPUR KHATMUHURT

છોટાઉદેપુરના પાવીજેતપુર વિસ્તારમાં ચાર કરોડ 68 લાખ રૂપિયાથી વધુના માર્ગના નવિનીકરણના કામનું ખાતમુહૂર્ત કરાયું. તેના કારણે વિસ્તારના ગામોને સારા માર્ગની સુવિધા અને સ્થાનિકોને અવરજવરમાં મોટી રાહત મળશે.

ઉપરાંત આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવા પાવીજેતપુર તાલુકાના સાઢલી અને ક્વાંટ તાલુકાના સૈડી–વાસણ તથા નવાલજા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – PHCની નવી ઍમ્બ્યુલન્સને ધારાસભ્ય જયંતી રાઠવાએ લીલીઝંડી આપી હતી.

# AMDAVAD NDPS SEMINAR

અમદાવાદમાં ગ્રામ્ય પોલીસે સામાજિક સંસ્થા સાથે મળીને NDPS અંગે એક દિવસનો પરિસંવાદ યોજ્યો. તેમા NDPSના મુદ્દાઓ પર ચર્ચા કરવા અને તેને ઉકેલવા અંગે ચર્ચા કરવામાં આવી. આ પ્રસંગે ઉપસ્થિત સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ એમ. આર. શાહે NDPS ને સમાજ માટે સૌથી મોટું દૂષણ ગણાવ્યું હતું.

(BYTE: M. R. SHAH, FORMER JUDGE, SUPREME COURT)